અપીલ અરજી નં.૪૮૨ તા.૨૦–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– (૧)ડે.કમિશ્નર (પી.એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ વિ.)
(૨)ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી પ્રશ્ન નં.૧ મુદ્દા નં.(૧) અડાજણ ગામ, રેવા નગરની સામે, સિધ્ધિવિનાયક મંદિર ની સામે,નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં.,પ્લોટનં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી તથા પ્રશ્ન નં.ર મુદ્દા નં.(૧) શ્રીજી આર્કેડની સામે,આનંદ મહલ રોડ પર, એસ.એમ.સી.કવાર્ટર નજીક, નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૮૨/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી પ્રશ્ન નં.૧ મુદ્દા નં.(૧)અડાજણ ગામ,રેવા નગરની. સર્વેનં.,પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી તથા પ્રશ્ન નં.ર મુદ્દા નં.(૧) શ્રીજી આર્કેડની સામે, આનંદ મહલ રોડ પર, એસ.એમ.સી.કવાર્ટર નજીક,નવુ બાંધવામાં આવી રહેલ છે જે બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં.,પ્લોટ નં. આપવો ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન / આરટીઆઈ સેલ / ૮૨૧ તા. ૦૯–૧૨–૧૧ તથા ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ વિ.)ના પત્ર નં. ટી.ડી.ઓ./ ૩૮૬ તા. ૧૩–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અરજદારે જણાવેલ સ્થળ સ્થિતિ આધારે પ્લાન મંજુરી દફતરેથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે કે કેમ? તે સ્પષ્ટ કરવા તેમજ અરજદારને રજૂ કરવા જણાવેલ વિગતો ટીપી સ્કીમ નંબર કે ફાયનલ પ્લોટ નંબર તેઓ કયા સ્ત્રોતથી મેળવી રજૂ કરી શકે તે પણ જણાવવા. સાથે માહિતીની દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૩૬ તા.૩૦–૧૨–૧૧થી (૧)ડે.કમિશ્નર (પી.એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ વિ.) (૨)ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) તથા અરજદારને બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન ના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/સેલ/૯૨૧ તા.૭–૧–૧૨ થી પત્ર નં.વેસ્ટઝોન / આરટીઆઈ/ ૮૦૮ તા.૩–૧૨–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનર, મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ ૮૨૧ તા.૯–૧૨–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, મુળ અરજીની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ખાતા તરફથી પત્ર નં.ટી.ડી.ઓ/૫૬ તા.૧૧–૧–૧૨ ના પત્રથી સ્થળ પર મુકવામાં આવેલ બોર્ડના ફોટોગ્રાફસની નકલ, નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.ટીડીઓ/૩૮૬ તા.૧૩–૧૨–૧૧ થી આપેલ માહિતીની નકલ, પત્ર નં.વેસ્ટઝોન / આરટીઆઈ/૮૦૮ તા.૩–૧૨–૧૧ થી રાંદેર ઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. અરજદાર તરફથી તા.૭–૧–૧૨ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી રાંદેર ઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન / આરટીઆઈ/૮૦૮ તા.૩–૧૨–૧૧ થી મુદ્દા નં.ર ના અનુ.નં.૧ થી ૭ તથા ૯ થી ૧૪ ની માહિતી માટે મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનર, મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/ ૮૨૧ તા.૯–૧૨–૧૧ થી મુદ્દા નં.(૧) અનુ.નં.૧ થી ૧૪ તથા મુદ્દા નં.(૨) અનુ. નં. ૮ ની માહિતી સમય અવધિમાં પુરી પાડેલ. જયારે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ ના પત્ર નં. નં.ટીડીઓ/૩૮૬ તા.૧૩–૧૨–૧૧ થી માહિતી સમય અવધિબાદ પુરી પાડેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧) અનુ. નં.૧ અડાજણ ગામ, રેવાનગરની સામે, સિધ્ધીવિનાયક મંદિરની સામે, નવું બાંધવામા આવી રહેલ બીલ્ડીંગ ને વિકાસ પરવાનગી આપવામાં આવેલ

છે. રે.સર્વે.નંબર અને વોર્ડ નંબર જણાવવા વિનંતી. અનુ.નં.ર આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? અનુ.નં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? અનુ.નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? અનુ.નં.પ ચાલુ બાંધકામ દરમિયાન રોડનું ખોદાણ કરી કઈ લાઈન લેવામાં આવી હતી? અનુ.નં. ૬ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? અનુ.નં.૭ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? બી.યુ.સી. ન લેવામાં આવે તો તેવા સંજોગો માં એ બાંધકામ ગર્વમેન્ટ ના કયા કયા લાભ ન મળે? અનુ.નં.૮ ગટર ના તથા પાણી ના કનેકશન આપવામાં આવેલ છે? અનુ.નં.૯ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે? કઈ લેબોરેટરીમાં? અને રીપોર્ટ શું આવ્યો? અનુ.નં.૧૦ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા? અનુ.નં.૧૧ કામ અટકાવવામાં આવેલ છે? અનુ.નં.૧૨ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું? અનુ.નં.૧૩ આગળ પાછળ માર્જીનની જગ્યા શા માટે છોડવામાં નથી આવી? અનુ.નં.૧૪ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી?

તેવા પ્રશ્નો બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/ ૮૨૧ તા.૯–૧૨–૧૧ થી સદર મિલ્કતમાં વોર્ડ નંબર, ચાલતા નંબર, શીટ નંબર તેમજ ટેનામેન્ટ નંબરની વિગતવાર માહિતી આપ્યેથી તમામ માહિતી વિગતવાર આપી શકાય. તેવુ સમય અવધિમાં જણાવેલ.

મુદ્દા નં.(ર) અનુ.નં.૧ શ્રીજી આર્કેડની સામે, આનંદ મહલ રોડ પર, એસ.એમ.સી કવાર્ટર નજીક, નવુ બાંધવામાં આવી રહેલ બિલ્ડંગ ને વિકાસ પરવાનગી આપવામાં આવી ? રે.સર્વે નંબર, પ્લોટ નં.આપવો? અનુ.નં.ર આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? અનુ.નં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? અનુ.નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? અનુ.નં.પ ચાલુ બાંધકામ દરમિયાન રોડનું ખોદાણ કરી કઈ લાઈન લેવામાં આવી હતી? અનુ.નં. ૬ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? અનુ.નં.૭ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? બી.યુ.સી. ન લેવામાં આવે તો તેવા સંજોગો માં એ બાંધકામ ગર્વમેન્ટ ના કયા કયા લાભ ન મળે?

અનુ.નં.૮ ગટર ના તથા પાણી ના કનેકશન આપવામાં આવેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/ ૮૨૧ તા.૯–૧૨–૧૧ થી વેસ્ટઝોન કચેરીના રેકર્ડની ચકાસણી કરતા ડ્રેનેજ તથા પાણી કનેકશન અંગેની મંજુરી આપવામાં આવેલ હવાનું જણાતુ નથી. તેવુ જણાવેલ.

અનુ.નં.૯ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે? કઈ લેબોરેટરીમાં? અને રીપોર્ટ શું આવ્યો? અનુ.નં.૧૦ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા? અનુ.નં.૧૧ કામ અટકાવવામાં આવેલ છે? અનુ.નં.૧૨ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું? અનુ.નં.૧૩ આગળ પાછળ માર્જીનની જગ્યા શા માટે છોડવામાં નથી આવી? અનુ.નં.૧૪ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી?

જે અંગે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પત્ર નં.નં.ટીડીઓ/૩૮૬ તા.૧૩–૧૨–૧૧ થી પ્રશ્ન નં.ર ના મુદ્દા નં.(૧) થી (૭) અને (૯) થી (૧૪) થી શ્રીજી આર્કેડની સામે, આનંદ મહલ રોડ પર નવુ બાંધવામાં આવી રહેલ મિલ્કત અંગેની વિગતો માંગેલ. તે મિલ્કતના નંબર, ટી.પી.સ્કીમ નંબર, ફા.પ્લોટ નં. રેવન્યુ સર્વે નંબર વિગેરે દર્શાવેલ નથી. શહેર વિકાસ ખાતેથી મિલ્કતના નામે કોઈ કાર્યવાહી થતી ન હોય, તમો જે જગ્યાની વિગતો માંગવા માંગો છો તેનો ટી.પી.સ્કીમ નંબર, મોજે ફા. પ્લોટ નં., રે.સ. નં વિગતેની પુર્તતા થયેથી તેની માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવુ સમય અવધિ બાદ જણાવેલ.

વધુમાં પુરક વિગતના પત્ર નં.ટીડીઓ/પ૬ તા.૧૧–૧–૧૨ માં અરજદારે જણાવેલ સ્થળ સ્થિતીના આધારે શહેર વિકાસ ખાતેથી વિકાસ પરવાનગી આપવામાં આવતી નથી. પરંતુ જો જમીનના નંબર સહિતની વિગતોને આધારે પ્લાનની મંજુરી આપવામાં આવે છે. મિલ્કતના નામો અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ કરવામાં આવતા નથી. જેથી અરજદારને ઉપર મુજબ જમીનની વિગતો બાબતે સ્પષ્ટતા કરવા જણાવેલ છે. તથા સ્થળ પર ચાલતાં બાંધકામો અંગેની મંજુરી તથા જમીનની વિગતો વિગેરે સ્થળ ઉપર રોડ સાઈડે જાહેર જનતાને જાણ માં આવે એવી રીતે બોર્ડ મુકી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંગેના બોર્ડ પરથી સદરહુ બાંધકામની વિગતો મેળવી શકાય તેમ છે. આ સાથે સ્થળ પર મુકવામાં આવતા બોર્ડના ફોટોગ્રાફસ સામેલ કરેલ છે. તેવુ જણાવી નીચે મુજબની રજા ચિઠ્ઠી તથા ફા.પ્લોટ, ટી.પી. ના બાંધકામ અંગેના પ્રસિધ્ધ થયેલ બોર્ડની વિગતો આપેલ છે.

૧. (૧) મંજુર પ્લાનની વિગત. ટી.ડી.ઓ./ડી.ટી./૧૦૧ તા.૧૨–૭–૨૦૧૦ , એફ.પી. નં.૧૦ ટી.પી.નં.૧૪ (પાલ),
(૨) ટી.પી. એસ.નં.૧૦, બ્લોક નં.૧૮૩ એફ.પી. નં.૬૪

૨. (૧) ટીડી.ઓ/ડી.પી. નં.૨૩૮ તા.૩૦–૧૧–૨૦૧૦ ટી.પી. સ્કીમ નં.૧૪ (પાલ) (૨) ટી.પી. સ્કીમ નં.૧૪ બ્લોક નં.૩૪૩ ફા.પ્લોટ નં.૧૩૪

જે અંગે અરજદારે ડે.કમિશનર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન / આરટીઆઈ સેલ / ૮૨૧ તા. ૦૯–૧૨–૧૧ તથા ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી (ટી.પી.)ના પત્ર નં. ટી.ડી.ઓ./ ૩૮૬ તા. ૧૩–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ તબકકે રાંદેર ઝોનને આઈડી નંબર–૩૯૯ થી તેમના ધ્વારા પુરે પુરુ નામ–સરનામુ આપવા છતાં અમને અમારો જવાબ આપવામાં આવ્યો નથી. અને અમારા સવાલની સામે અમોને સવાલ કર્યો (પોસ્ટ ઓફિસ, ફાયર , એમ્બ્યુલન્સ, ટેલીફોન,આરટીઓ એવી ઘણી અન્ય સરકારી સેવા જે એડ્રેસનાં આધારે ચાલે છે તે એડ્રેસને અમારા ધ્વારા થઈ શકે એટલું સહેલાઈ થી મળી શકે એ રીતે આપવામાં આવ્યું છતાં પણ અમને દિવસો વીત્યા બાદ વાડી તોડીને અમને સવાલ કરવામાં આવ્યો) શું દર્શાવેલી દરેક સરકારી સંસ્થાઓમાં દરેક જગ્યાએ શું ટી.પી. નંબર સર્વે નંબર, સીટ નંબર લીધા બાદ જ કાર્ય કરવામાં આવે છે. શું આરટી.આઈ –૨૦૦૫ મુજબ એવી કોઈ ચોકકસ વ્યાખ્યા કરવામાં આવી છે કે અધિકારી ધ્વારા જે જવાબ આપવામાં આવ્યો છે. જો આ અધિકારીઓ ને સ્થળ ન મળતુ હોય તો અમે જાતે તમારી સાથે આવીને સ્થળ બતાવવા તૈયાર છીએ જેથી અમોને જવાબ મળવા પાત્ર છે. ત્યાર બાદ અરજદારને બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૩૬ તા.૩૦–૧૨–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તેમ ના તા.૭–૧–૧૨ના પત્રથી (૧) બાંધકામ સ્થળે ડીસ્પ્લે બોર્ડ જ મુકવામાં આવ્યા નથી. (૨) મહાનગરપાલિકાના કોઈપણ અધિકારી કે કોઈ પણ વ્યકિત ધ્વારા માહિતી અધિકાર ને સમજવાના પ્રયત્ન કરવામાં આવ્યા નથી. કે નથી અમને લેટર લખી સ્પષ્ટતા કરવા માટે બોલાવવામાં આવેલ નથી. તેવી રજુઆત કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી પાસે જઈ તેમ કરવા પ્રયત્ન કરેલ હોવાની સ્પષ્ટતા કરેલ નથી. અરજદારે અપીલમાં જણાવેલ સંસ્થાઓના ઉદાહરણ આપી અને શહેર વિકાસ વિભાગ ધ્વારા રજુ થતા પ્લાનોની પરવાનગી આપવાની સેવા સાથે સરખાવવામાં આવેલ છે. તમામ સરકારી વિભાગોની કામગીરી નો હેતુ અલગ અલગ હોય છે અને તેમની નોંધણી અને રેકર્ડ રાખવાની પ્રથા અલગ અલગ હોય છે જેમ કે ટેલીફોન વિભાગનો રેકર્ડ ટેલીફોન નંબર સાથે, આરટીઓનો રેકર્ડ ગાડીના નંબર સાથે ,પોસ્ટનો રેકર્ડ પોસ્ટની જુદી જુદી સેવાઓ અનુસાર રાખવામાં આવતો હોય છે તેવી રીતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી સુરત મહાનગરપાલિકાની કચેરીએ રજુ થતા પ્લાનો ટી.પી.સ્કીમ નં./ ફા.પ્લોટ નં./ સબ પ્લોટ નં. રજુ કરવામાં આવે છે તેમાં કોઈ એપાર્ટમેન્ટના નામે પ્લાન રજુ થતા નથી. રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ ફકત ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને જવાબ કરવાનો રહે છે. તેની સ્થળ નિરીક્ષણ કરવાનુ રહેતુ નથી તેથી તે મુજબનો જવાબ કરેલ છે. આથી કોઈપણ વિભાગના રેકર્ડ માંગતા રેકર્ડની નોંધણી જે પ્રમાણે થતી હોય તવી વિગતો રજુ કરવી આવશ્યક બને છે. વધુમાં અરજદારે સ્વયં અરજીમાં જે મિલકતની માહિતી માંગેલ છી તે મિલકત સરકારી દફતરે રેકર્ડ ઉપર જે નામે નોંધાતી હોય જેમ કે રે.સ.નં. વોર્ડ નં. જે તે વિસ્તારના બ્લોક નં. કે ટી.પી. અને પ્લોટ નં. કે સબ પ્લોટ નં. અને લોકેશન જણાવવાનું રહે છે સામાન્ય રીતે દસ્તાવેજોમાં પણ આવી જોગવાઈ હોય છે અને તેવી જ રીતે મિલ્કતોની ઓળખ થતી હોય છે માહિતી આપતી વખતે મિલ્કતની ઓળખ આપવી જરૂરી છે.વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર પાઠવેલ નથી તેવા પ્રશ્ન બાબતે ટી.ડી.ઓ નં.૩૮૬ તા.૧૩–૧૨–૧૧ થી તેમજ વેસ્ટઝોન તરફથી પણ મિલ્કતના વોર્ડ નં. ચાલ નંબર, સીટ નં. તેમજ ટેના.નંબર, તેવી વિગતો આપ્યેથી માહિતી આપી શકાય તેવુ જણાવેલ છે. ત્યાર બાદ અરજદારે જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી મેળવવા જરૂરી વિગતો સાથે પ્રયત્ન કરવો જોઈએ પરંતુ તેઓ તરફથી અપીલ તબકકે પણ પ્રયત્ન કરેલ હોય તેવુ જણાતુ નથી.

પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન ધ્વારા મુદ્દા નં.૨ ના ક્રમ નં.૮ નો આપેલ પ્રત્યુત્તર જોતાં વેસ્ટઝોન ખાતે મિલ્કતની ઓળખ થયાનું સ્પષ્ટ થાય છે. વેસ્ટઝોન કક્ષાએથી તબદીલી પત્ર સાથે આવી વિગતો શહેર વિકાસ ને મોકલી શકાઈ હોત પરંતુ તેમ થયેલ નથી. વધુમાં આ મિલ્કતોની આકારણી દફતરે પણ નોંધ નંબર હોય તે પરથી મિલ્કતની/ પ્લોટની ઓળખ શકય હોય તો શહેર વિકાસ વિભાગને આપી માહિતી આપવા પ્રયત્ન કરી શકાય પરંતુ તેવો કોઈ પ્રયત્ન થયેલ જણાતો નથી.

અરજદાર ધ્વારા પણ સીટી સર્વે કચેરી યોજના કે આકારણી દફતર અથવા ટી.પી. દફતર ના માધ્યમથી માહિતી મેળવી જાહેર માહિતી અધિકારીને આપવા પ્રયત્ન થયેલ જણાતો નથી. તથા અરજદારની સ્થળ પર જઈ મિલ્કતો ઓળખી બતાવવાની રજુઆત આરટીઆઈ કાયદાની કલમ– ૨(એફ) અને ૨(જે) સાથે સુસંગત નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી જેમાં મિલ્કતની ઓળખ બાબતની વિગતો પુરી પાડયેથી માહિતી આપવા જણાવેલ છે. જેમાં મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થયેલ હોય તો જ એવી માહિતી આપેલ હોય તે સંજોગોમાં જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન કક્ષાએ આ બંને મિલ્કત સંબંધી મિલ્કતની ઓળખની જે વિગતો ઉપલબ્ધ છે તે પૈકી મુદ્દા નં.૨ ની વિગત આકારણી દફતરે ઉપલબ્ધ નોંધ નંબર હોય તો તે સહિત જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને દિન–૭માં અત્રેની જાણ હેઠળ મોકલી આપવા જણાવવામાં આવે છે અને તેવી વિગતોને આધારે અરજદારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આપી શકાય તેમ હોય તો દિન–૧૫ ની અવધિમાં અત્રેની જાણ હેઠળ લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની દસ્તાવેજ ફી ભરપાઈ કરવાની રીતે પૂરી પાડવા અન્યથા તેવી વિગતોને આધારે માહિતી આપી શકાતી ન હોય તો જાહેર માહિતી અધિકારીનો તા.૧૩–૧૨–૧૧ ના પત્રથી અરજદારને સૂચિત કરવામાં આવેલ બાબત યથાવત રહેવા પામે છે તે મતલબની વિગતોથી અરજદારને અત્રેની જાણ હેઠળ પુનઃ અવગત કરવા ડે.કમિશ્નર (પી.એન્ડ ડી.) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ વિ.) ને જણાવવામાં આવે છે."

જયારે મુદ્દા નં.૧ ની માહિતી અંગે વેસ્ટ ઝોનના આકારણી દફતરે ઉપલબ્ધ નોંધ નંબર આધારે તેવી માહિતી આપી શકાય તેમ હોય તો પુનઃ ચકાસી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની દસ્તાવેજ ફી ભરપાઈ કરવાની રીતે દિન–૧૦ માં તેમ કરવા અન્યથા તેમનો તા.૯–૧૨–૧૧ થી આપેલ પ્રત્યુત્તર યથાવત રહેવા પામે છે. તેવી વિગતથી અરજદારને પુનઃ અવગત કરવા ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) (૧)ડે.કમિશ્નર (પી.એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ)/(૨)ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા